# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-12-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

1. રાજ્યની 14 જનરલ હોસ્પિટલમાં રેન બસેરા બનાવાશે.
2. રાજ્યના 6 મુખ્ય આર્થિક પ્રદેશોના વિકાસ માટે વરિષ્ઠ અધિકારીઓની નિમણૂક કરવામાં આવી
3. પ્રવાસન સ્થળોના વિકાસ અને નવા પ્રવાસન સ્થળ વિકસાવવા 'જિલ્લા પ્રવાસન વિકાસ સોસાયટી'ની રચના કરાશે
4. તાપી સાયબર ગુના શાખાએ 3 કરોડ રૂપિયાથી વધુની સાયબર છેતરપિંડીના ત્રણ આરોપીને ઝડપ્યા
5. SIRની 100 ટકા કામગીરી પૂર્ણ કરનાર અરવલ્લી રાજ્યનો પ્રથમ જિલ્લો બન્યો

-----------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

## CABINET REN BASERA

સરકારી સિવિલ હોસ્પિટલમાં દાખલ દર્દીઓના સગા માટે રહેવા જમવાની સુવિધા ઉપલબ્ધ કરાવવા રાજ્યની 14 જનરલ હોસ્પિટલમાં રેન બસેરા બનાવાશે.

આ માટે અમદાવાદની સેવાદાન ફાઉન્ડેશનને જમીન લીઝ પર આપવાનો નિર્ણય મંત્રી મંડળની બેઠકમાં લેવાયો છે. રાજ્યમાં પોરબંદર ગોધરા મોરબી સહિત 14 હોસ્પિટલમાં આ સુવિધા ઉપલબ્ધ કરાવાશે તેમ પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું.

(બાઇટ : જીતુ વાઘાણી, પ્રવક્તા મંત્રી)

-------------

# CABINET GRIT

વિકસિત ગુજરાત, વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવાના પ્રાદેશિક આર્થિક માસ્ટર પ્લાનના અમલીકરણ માટે રાજ્ય સરકારે રાજ્યના 6 આર્થિક પ્રદેશો માટે વરિષ્ઠ અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે ગાંધીનગર ખાતે યોજાયેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં આ નિર્ણય લેવાયો છે. આ અંગે વધુ માહિતી આપતા પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું, આ નિર્ણયથી રાજ્યના 6 ક્લસ્ટર સૌરાષ્ટ્ર, કચ્છ, મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર દરિયાકિનારા વિસ્તારના વિકાસની દિશા નક્કી કરાશે.

(બાઇટ : જીતુ વાઘાણી, પ્રવક્તા મંત્રી)

-------------

## DISTRICT TOURISM

રાજ્યના વિવિધ પ્રવાસન સ્થળોની વ્યવસ્થાઓમાં ગુણવત્તા સુધારણા અને નવા પ્રવાસન સ્થળ વિકસાવવાના મુખ્ય ઉદ્દેશ સાથે 'જિલ્લા પ્રવાસન વિકાસ સોસાયટી'ની રચના કરાશે.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં આજે યોજાયેલી બેઠકમાં આ નિર્ણય લેવાયો. આ સોસાયટીમાં જિલ્લા કલેક્ટર/ મ્યુનિસિપલ કમિશનર અધ્યક્ષ તરીકે રહેશે. આ ઉપરાંત જિલ્લા સ્તરના મહત્વના અધિકારીઓ, ચૂંટાયેલા પ્રતિનિધિઓ, પ્રવાસન સંબંધિત સંગઠનો અને બોર્ડના પ્રતિનિધિઓનો સમાવેશ કરાશે. પ્રવાસન વિકાસ માટે વર્ષ દરમિયાન દરેક જિલ્લામાં 10 કરોડ રૂપિયા સુધીનું અનુદાન અપાશે.

-------------

## TAPI CYBER FRAUD

તાપી સાયબર ગુના શાખાએ 3 કરોડ રૂપિયાથી વધુની સાયબર છેતરપિંડીના ત્રણ આરોપીને ઝડપી લીધા છે. આ આરોપી અલગ અલગ મ્યુલ બેંક એકાઉન્ટનો ઉપયોગ કરી ઠગાઇ કરતા હતા. જેમાં એક વર્ષમાં બે અલગ અલગ બેંક એકાઉન્ટમાં એક કરોડ 45 લાખ તેમજ એક કરોડ 33 લાખના વ્યવહાર કરાયા હોવાનું સામે આવ્યું છે. આ અંગે જિલ્લા પોલીસ વડા જશુ દેસાઇએ વધુ માહિતી આપી..

(બાઇટ- જશુ દેસાઇ, પોલીસ વડા, તાપી)

-------------

## MORBI DEMOLITION

મોરબી મહાનગરપાલિકા વિસ્તારમાં આજે દબાણ હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી. નિત્યાનંદ સોસાયટી મેઈન રોડ પર આવેલ મકાનના ઓટલા તેમજ છાપરા સહિતના કાચા અને પાકા દબાણો દૂર કરવામાં આવ્યા. આ અંગે મ્યુનિસિપલ કમિશ્નર સ્વપ્નિલ ખરેએ વધુ માહિતી આપી.

(બાઇટ : સ્વપ્નિલ ખરે, મ્યુનિસિપલ કમિશ્નર)

-------------

## MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# SURAT AAG

સુરતના પર્વત પાટિયા વિસ્તારના કાપડ બજારમાં લાગેલી આગ પર કાબૂ મેળવાયો છે. સાત માળની ઇમારતમાં વહેલી સવારથી લાગેલી આગ 20થી વધુ દુકાનોમાં ફેલાઈ હતી. ત્યારે અગ્નિશમન દળની 15થી વધુ ગાડીઓ ઘટના સ્થળે પહોંચી હતી.આગ પર કાબૂ મેળવવાના પ્રયાસમાં અગ્નિશમન દળના ત્રણ જવાનોને ગૂંગળામણ થતાં હોસ્પિટલ ખસેડાયા હતા. જોકે 15 લાખ લિટર પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવાયો હતો. અમારાં પ્રતિનિધિ જણાવે છે કે, એક વેપારીની સાત જેટલી દુકાનોમાં આગ ફેલાતા 8 કરોડ રૂપિયાનું નુકસાન થયાના અહેવાલ છે.

-------------

# ARVALLI SIR

મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા-SIR અંતર્ગત અરવલ્લી જિલ્લામાં 100 ટકા ગણતરી પત્રક વિતરણ તથા સંકલનની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. ત્યારે અરવલ્લી SIRની 100 ટકા કામગીરી પૂર્ણ કરનાર રાજ્યનો પ્રથમ જિલ્લો બન્યો છે.  પ્રાપ્ત થયેલ તમામ ગણતરી ફોર્મનું ડિજીટાઇઝેશન પૂર્ણ કરી દેવામાં આવ્યું છે. આ અંગે જિલ્લા કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારી પ્રશસ્તિ પારિકે કામગીરી જોડાયેલા તમામ કર્મચારીઓને અભિનંદન પાઠવી આભાર વ્યક્ત કર્યો હતો.

(બાઇટ : પ્રશસ્તિ પારિક, જિલ્લા કલેક્ટર)

જિલ્લામાં કુલ નોંધાયેલ 8 લાખ 58 હજાર 753 મતદારો પૈકી ગણતરી દરમિયાન 27 હજાર 25 મતદારો મૃત, 35 હજાર 427

સ્થળાંતરિત, 5 હજાર 298 ડુપ્લિકેટ, 4 હજાર 569 ગેરહાજર તથા 358 અન્ય કેટેગરીમાં મળી કુલ 72 હજાર 677 મતદારો "Uncollectable" શ્રેણીમાં નોંધાયા છે. આ મતદાતાઓની નોંધો દૂર કરવાની પ્રક્રિયા કાયદેસર રીતે હાથ ધરાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે મત ગણતરી ફોર્મ જમા કરાવાની અંતિમ તારીખ આવતીકાલ છે. SIRનો આ તબક્કો આવતા વર્ષે 14 ફેબ્રુઆરીએ અંતિમ મતદાર યાદીના પ્રકાશન સાથે પૂર્ણ થશે.

-------------

## AHMEDABAD-Chinese Dori

અમદાવાદમાં ઉત્તરાયણ-2026 પહેલાં જિલ્લા વહીવટી તંત્ર અને શહેર પોલીસ દ્વારા ચાઈનીઝ દોરી પર કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેમાં પોલીસે 8,46,650 રૂપિયાની કિંમતનો પ્રતિબંધિત ચાઈનીઝ દોરીનો જથ્થો જપ્ત કર્યો છે.

ચાઈનીઝ દોરીના જોખમો અંગે લોકોને જાગૃત કરવા અમદાવાદ શહેર પોલીસ દ્વારા ઉત્તરાયણ-2026ના સંદર્ભમાં વિવિધ જગ્યાએ જનજાગૃતિ કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓએ વિવિધ સ્થળોએ, શાળાઓમાં વિદ્યાર્થીઓ સાથે અને જાહેર જનતા સાથે બેનરો અને પોસ્ટરો દ્વારા સંવાદ કરી તેમને ચાઈનીઝ દોરીથી થતાં નુકસાન અંગે જાગૃત કર્યા હતા.

-------------

## Food and Drug Administration

રાજ્ય ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા અમદાવાદના ઘાટલોડીયામાં આવેલી એપોલો ફાર્મસી અને ક્રિષ્ના મેડિકલ, સહિત 8 જેટલા મેડિકલ સ્ટોર્સની આકસ્મિક તપાસ કરવામાં આવી હતી. જેમાં ડૉક્ટરના પ્રિસ્ક્રિપ્શન વગર રજીસ્ટર્ડ ફાર્માસીસ્ટની ગેરહાજરીમાં કફ સીરપ દવાનું વેચાણ કરવામાં આવતું હતું.

ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા આ તમામ ૮ મેડિકલ સ્ટોર્સને કારણદર્શક નોટીસ આપીને તાત્કાલીક ખુલાસો કરવાં જણાવવામાં આવ્યું છે. અને ખુલાસા આવ્યા બાદ તંત્ર દ્વારા નિયમોનુસાર કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવશે.

-------------

## Balika Panchayat Training Module

મહિલા અને બાળ વિકાસ મંત્રી ડૉ. મનીષાબેન વકીલે ગાંધીનગર ખાતેથી 'બાલિકા પંચાયત તાલીમ મોડ્યુલ'નું વિમોચન કર્યું. આ 'બાલિકા પંચાયત તાલીમ મોડ્યુલ' દ્વારા જિલ્લા તથા તાલુકા કક્ષાએ માસ્ટર ટ્રેનર તૈયાર કરી બાલિકા પંચાયતની બાલિકાઓને તાલીમ આપશે.

મંત્રી શ્રી વકીલે જણાવ્યું કે, સમાજ નિર્માણમાં મહિલાઓમા નેતૃત્વના ગુણો વિકસાવવાના હેતુથી આ પહેલ શરૂ કરવામાં આવી છે. રાજ્યમાં બાલિકા પંચાયત જેવી નવતર પહેલ કરનાર ગુજરાત પ્રથમ રાજ્ય છે. મંત્રીશ્રીએ ઉમેર્યું કે, રાજ્યમાં હાલ ૧૩ હજાર બાલિકા પંચાયત કાર્યરત છે.

જેમાં કિશોરીઓમાં પોષણ, એનીમિયા, જેન્ડર આધારીત ભેદભાવ, નેતૃત્વ અને પંચાયતી રાજ, બાળ અધિકારો અને સલામતી અને સંરક્ષણ માટેના કાયદા, કિશોરાવસ્થામાં થતા ફેરફારો જેવા મુદ્દાઓનો સમાવેશ થાય છે.

-------------

# GREEN GUJARAT

છેલ્લા 3 વર્ષમાં એક લાખ 4 હજાર હેક્ટર વન વિસ્તારમાં વાવેતર કરવામાં આવ્યું છે. સત્તાવાર યાદીમાં જણાવ્યા પ્રમાણે રાજ્ય સરકાર 'ગ્રીન ગુજરાત, વિકસિત ગુજરાત'ના સંકલ્પને સાકાર કરવાની દિશામાં કાર્યરત છે. ત્યારે સામાજિક વનીકરણ યોજના હેઠળ છેલ્લા 3 વર્ષમાં વન વિસ્તારની બહાર 10 હજાર 213 હેક્ટર વિસ્તારમાં ખાતાકીય વાવેતર પૂર્ણ કરાયું છે.

બીજી તરફ મિષ્ટી યોજના અંતર્ગત છેલ્લા 3 વર્ષમાં કુલ 34 હજાર 242 હેક્ટરમાં મેન્ગ્રુવનું વાવેતર કરવામાં આવ્યું છે. જ્યારે સ્થાનિક આદિવાસી સમુદાયોને છેલ્લા 3 વર્ષમાં કુલ એક કરોડ 58 લાખ વાંસનું વિતરણ કરવામાં આવ્યું છે. પર્યાવરણના જતન માટે વન અને પર્યાવરણ વિભાગ માટે રાજ્ય સરકાર દ્વારા અંદાજપત્રમાં કુલ 3 હજાર 140 કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.

-------------

# PANCHMAHAL- DANGAR KHARIDI

પંચમહાલમાં તાલુકાકક્ષાએ નકકી કરેલ જિલ્લાના ૦૬ કેન્દ્રો ખાતે કુલ ૪૬૦ ખેડૂતો પાસેથી ઈ-પ્રિક્યોરમેન્ટ પધ્ધતિથી ટેકાના ભાવે ૧૭૦૪ મે.ટન ડાંગરની ખરીદી કરવામાં આવી. આ ૪૬૦ ખેડૂતો પૈકી ૪૧૯ ખેડૂતોને ત્રણ કરોડ એકસઠ લાખ અઠાણું હજાર બસો બે જેટલી રકમનું

ચુકવણું ખરીદીના ૪૮ કલાકમાં કરવામાં આવ્યું. તેમજ બાકીની રકમના ચુકવણાંની પ્રક્રિયા હાલમાં કાર્યરત છે.

ઉલ્લેખનીય છે કે પંચમહાલ જિલ્લા વહીવટીતંત્રની રેકર્ડ સમયમાં ખેડૂતોને તેની જણસી માટે સીધા તેમના ખાતામાં ચુકવણું કરવા દિવસરાત સતત કામગીરી કરવામાં આવી રહી છે.

-------------

# MAHISAGAR-MGVCL

મહીસાગરની વીરપુર સબ ડિવિઝને સ્માર્ટ મીટરની કામગીરીમાં સમગ્ર મધ્યગુજરાત વીજ કંપની લીમીટેડ - MGVCL માં ગ્રામ્ય કક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. જિલ્લામાં કુલ ૪૭,૬૨૭ સ્માર્ટ મીટરનું ઈન્સ્ટોલેશન થયું છે, જેમાં વીરપુર પેટા વિભાગનો હિસ્સો ૧૭,૦૦૦ મીટર જેટલો છે.

આ અંગે માહિતી આપતા અધિકારીઓએ સમગ્ર MGVCL ટીમ અને તેના કર્મીઓના અવિરત પ્રયત્નોની સરાહના કરી ઉમેર્યું હતું કે, "જેમ આપણે સમયની સાથે રોકડ વ્યવહારથી ડિજિટલ પેમેન્ટ અને લેન્ડલાઈનથી સ્માર્ટફોન તરફ આગળ વધ્યા છીએ, તેમ પાવર સેક્ટરમાં પણ સ્માર્ટ મીટર એક ક્રાંતિકારી બદલાવ છે જે ગ્રાહક અને વીજ કંપની બંને માટે લાભદાયી છે."

-------------